# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **MIDDAY : 1.20 to 1.30**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વિવિધ રેલવે યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા.
2. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું છે કે, વિશ્વમાં ભારત એક માત્ર એવો દેશ છે, જ્યાં પંચાયતમાં પણ લોકતંત્ર છે
3. કર્ણાટકમાં ચાઇનિઝ વાઇરસ **HMPV**નાં બે કેસની પુષ્ટિઃ પરિસ્થિતિ પર કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની ચાંપતી નજર
4. શ્રીનગર સહિત કાશ્મીરનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં બરફવર્ષાઃ ગાઢ ધુમ્મસથી ઉત્તર ભારતમાં વિમાન અને રેલ વ્યવહાર ખોરવાયો
5. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપે તેવા અહેવાલ

***********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM RAIL PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું. જમ્મુ ક્ષેત્રમાં રેલવે સંપર્કને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રીએ નવા રેલવે મંડળનું પણ ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ ઈસ્ટ કૉસ્ટ રેલવેના રાયગઢ રેલવે મંડળ ભવનનો પણ શિલાન્યાસ કર્યો હતો.

ઉપરાંત શ્રી મોદીએ હૈદરાબાદ નજીક ચાર્લાપલ્લી નવા ટર્મિનલ મથકનું લોકાર્પણ કર્યું. તેલંગાણાના મેડચલ-મલકાજગિરિ જિલ્લામાં આ ટર્મિનલ મથકને 400 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે નવા કૉચિંગ ટર્મિનલ તરીકે તૈયાર કરાયું છે. આ ટર્મિનલ મથકના કારણે સિકંદરાબાદ, હૈદરાબાદ અને કાચેગુડા સહિતના શહેરોમાં હાલના મથક પર ભીડ ઓછી થવાની આશા છે

---------------------------------------------------

# PANCHAYAT TO PARLIAMENT PROG

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે, વિશ્વમાં ભારત એક માત્ર એવો દેશ છે, જ્યાં પંચાયતમાં પણ લોકતંત્ર છે. સંવિધાન ગૃહના કેન્દ્રીય કક્ષ ખાતે પંચાયતથી સંસદના બીજા તબક્કાનું ઉદ્ઘાટન કરાવતા શ્રી બિરલાએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું, આઝાદીની લડાઈની પહેલી શરૂઆત વર્ષ 1857માં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ કરાવી હતી. ત્યારબાદ આ આઝાદીના

આંદોલનના સંઘર્ષમાં યોગદાન આપવામાં પણ મહિલાઓનું મહત્વનું યોગદાન રહ્યું છે.

રાજકીય, વિજ્ઞાન-ટેક્નોલોજી, અંતરિક્ષ સહિતના તમામ ક્ષેત્રમાં અને દેશના વિકાસમાં મહિલાઓએ મોટું યોગદાન આપ્યું છે. લોકતંત્ર આપણો વારસો છે અને આપણી પ્રાચીન સભ્યતા છે.

. . . . . . . . . . . . . . . .

# DELHI VIRUS ADVISORY

કર્ણાટકમાં HMPVના બે કેસ મળ્યાછે. ત્રણ મહિનાની બાળકી અને આઠ મહિનાના શિશુમાં આ વાયરસ જોવા મળ્યો હતો. બંને શિશુઓ હવે સ્વસ્થ થઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય તેમની તમામ ઉપલબ્ધ સર્વેલન્સ ચેનલો પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે શ્વસન સંબંધી બિમારીઓમાં કોઈપણ સંભવિત વધારાને નિયંત્રિત કરવા માટે સુસજ્જ છે. ચીનમાં હ્યુમન મેટાપ્યુમો વાયરસના વધતા જતા કેસો વચ્ચે, વિશ્વ આરોગ્ય સંસ્થા ચીનની પરિસ્થિતિ અંગે સમયસર માહિતી આપી રહી છે.

દરમિયાન દિલ્હીના આરોગ્ય અધિકારીઓએ ગઈકાલે HMPV અને અન્ય શ્વસન વાઈરસ સંબંધિત સંભવિત સ્વાસ્થ્ય પડકારો અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. હૉસ્પિટલોને સલાહ આપવામાં આવી છે કે, તેઓ સમન્વિત સ્વાસ્થ્ય સૂચના પ્લેટફૉર્મ પૉર્ટલના માધ્યમથી ઇન્ફ્લૂએન્ઝા જેવી બિમારી અને ગંભીર

શ્વસન સંક્રમણ કેસની તાત્કાલિક નોંધ લે. શંકાસ્પદ કેસ માટે કડક અલાયદો શિષ્ટાચાર અને સાર્વત્રિક સાવચેતીઓનો ઉપયોગને ફરજિયાત કરાયો છે.

હૉસ્પિટલોને ઑક્સિજનની સાથે સાથે પેરાસિટામૉલ, એન્ટી હિસ્ટામાઈન, બ્રૉન્કો ડાયલેટર્સ અને ઉધરસની દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ અપાયો છે. ચીનમાં શ્વસન સંબંધિત બીમારીઓમાં વૃદ્ધિ બાદ આ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

. . . . . . . . . . . . . . . .

## MAHA KUMBH

પ્રયાગરાજમાં આયોજીત મહાકુંભ મેળામાં મોટી સંખ્યામાં ભક્તોનાં આગમનને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓ દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવિકોની અવરજવર સરળ બનાવવા અને તેમની સલામતી માટે તરતા પુલની સંખ્યા વધારીને 30 કરવામાં આવી છે. આ અંગે એક શ્રધ્ધાળુએ પોતાનો પ્રતિભાવ આપ્યોઃ

(ઓડિયો - Maha Kumbh Prayagraj IANS)

. . . . . . . . . . . . . . . .

# NIRMALA-BUDGET

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં અંદાજપત્ર પહેલાંની આઠમી બેઠકની પરામર્શ અધ્યક્ષતા કરી હતી. વર્ષ 2025-26ના અંદાજપત્રની રજૂઆત પહેલા યોજાયેલી આ બેઠકમાં હિતધારકો અને વેપારી યુનિયનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, નાણા સચિવો, રોકાણ અને જાહેર સંપત્તિ વ્યવસ્થાપન વિભાગ, આર્થિક બાબતોના વિભાગ, શ્રમ મંત્રાલય અને મુખ્ય આર્થિક સલાહકાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . . .

# OVER ALL WEATHER

આજે સતત ચોથા દિવસે ઉત્તર અને પૂર્વ ભારતમાં શીતલહેર પ્રવર્તી રહી છે. અનેક શહેરોમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે અને ટ્રેન અને વિમાન વ્યવહાર પર અસર થઈ છે. રાજધાની દિલ્હી અને ગુડગાંવમાં આજે સવારે હળવો વરસાદ પડતાં અનેક ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. હવામાન વિભાગે ઊંચાઇ વાળા વિસ્તારોમાં ઉત્તરાખંડમાં ભારે બરફવર્ષાની આગાહી કરી છે.

શ્રીનગર સહિત કાશ્મીરનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે નવેસરથી બરફવર્ષા થઈ છે. બરફવર્ષાને કારણે શીતલહેર ફરી વળતા સામાન્ય જનજીવન પર અસર પડી છે . શ્રીનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ભારે બરફવર્ષા ને કારણે શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. શ્રીનગરથી કારગિલ અને કારગિલથી ઝન્સ્કાર રોડ ભારે બરફવર્ષાને કારણે બંધ કરવામાં આવ્યો છે.

વહીવટીતંત્રએ જાહેર જનતા, પર્યટકો અને ટુર ઓપરેટરોને કોઈ પણ પ્રકારની અગવડતા ટાળવા માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં પણ નબળી દ્રશ્યતાને કારણે કોલકતા એરપોર્ટ પર 60 ફ્લાઇટમાં વિલંબ થયો છે.  બિહાર, પંજાબ અને હરિયાણામાં પણ ઠંડીનું મોજું યથાવત છે.

. . . . . . . . . . . . . . .

# TRAIN DELAYED

ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસને કારણે દ્રશ્યતા ઓછી થતાં અનેક ટ્રેનને અસર થઈ છે. રેલવે વિભાગના જણાવ્યા મુજબ, દિલ્હી જનારી અંદાજે 30 ટ્રેન ત્રણ કલાક મોડી ચાલી રહી છે. જેમાં શ્રમ શક્તિ એક્સપ્રેસ, પૂર્વા એક્સપ્રેસ, પદ્માવત એક્સપ્રેસ, અયોધ્યા એક્સપ્રેસ, લખનઉ મેલ, શ્રમજીવી એક્સપ્રેસ, વિક્રમશીલા એક્સપ્રેસ અને માલવા એક્સપ્રેસનો સમાવેશ થાય છે. મુસાફરોને રેલવે સ્ટેશન પર પહોંચતા પહેલા સુધારેલાં સમયની તપાસ કરી લેવા સલાહ અપાઈ છે.

. . . . . . . . . . . . . . . .

## JAISHANKAR METJAKE SULLIVAN

વિદેશ મંત્રી ડો.એસ જયશંકરે આજે નવી દિલ્હીમાં અમેરિકાના રાષ્ટ્રીય સલામતી સલાહકાર જેક સુલિવનને મળ્યા હતા. બંને નેતાઓએ વ્યૂહાત્મક, પ્રાદેશિક અને દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા કરી હતી.

20 જાન્યુઆરીએ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર રચાય તે પહેલાં બાઇડન વહીવટીતંત્રની ભારત સાથેની આ છેલ્લી મહત્વની બેઠક છે. સુલિવાનની મુલાકાતનો હેતુ મહત્વની અને ઊભરતી ટેકનોલોજી અંગે ભારત-અમેરિકા પહેલની સમીક્ષા કરવાનો છે.

શ્રી સુલિવાન આજે રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ સાથે બેઠક કરશે અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT દિલ્હીની મુલાકાતે જશે, જ્યાં તેઓ યુવા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કરશે.

. . . . . . . . . . . . . . . .

# TRUDEAU LIKELY TO RESIGN

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપવાની તૈયારી કરી રહ્યા છે.એમ સૂત્રોને ટાંકીને માધ્યમોનાં અહેવાલો જણાવે છે. પક્ષના ધારાસભ્યો દ્વારા નેતા તરીકે ટ્રુડોનાં રાજીનામાની માગણી વેગ પકડી રહી છે ત્યારે બુધવારે લિબરલ પક્ષની બેઠક બોલાવવામાં આવી છે.

સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે બુધવારની બેઠક પહેલાં ટ્રુડો રાજીનામું આપે તેવી ધારણા છે. જો કે, ટ્રુડો પ્રધાનમંત્રી તરીકે પણ રાજીનામું આપશે કે નહીં તે અંગે હજુ અનિશ્ચિતતા છે. તેમનાં રાજીનામાથી પક્ષમાં નેતાગીરીની સ્પર્ધા ઊભી થવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં નાણા મંત્રીનું રાજીનામું તથા મહત્વનાં સાથી પક્ષ ન્યુ ડેમોક્રેટિક પાર્ટીએ લઘુમતી સરકારને ટેકો પાછો ખેંચી લેતા ટ્રુડો સામેનાં પડકારો વધી ગયા છે.

. . . . . . . . . . . . . . . .

# PAKISTAN- BALOCH ATTACK

પાકિસ્તાનમાં બલોચ લિબરેશન આર્મી-બીએલએ દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં 47 સુરક્ષાકર્મીઓના મોત થયા છે જ્યારે ત્રીસથી વધુ ઇજાગ્રસ્ત થયા છે. દક્ષિણ બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાના કાફલા પર શનિવારે આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે પાંચ બસો અને સાત લશ્કરી વાહનોના કાફલાને નિશાન બનાવ્યા હતા. આ કાફલો કરાચીથી તુર્બતમાં ફ્રન્ટિયર કોર્પ્સના હેડક્વાર્ટર જઈ રહ્યો હતો.

બીએલએ એ બલોચ લોકો પર અત્યાચાર કરવાનો પાકિસ્તાની લશ્કર ઉપર આરોપ લગાવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# KERALA BUS ACCIDENT

કેરળમાં એક બસ અકસ્માતમાં 2 મહિલા સહિત 4 લોકોના મોત નીપજ્યાના અહેવાલ છે. ઈડુક્કી જિલ્લાના પલ્લુપરામાં રાજ્ય પરિવહન નિગમની બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ખીણમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનાના ઈજાગ્રસ્તોને મુંડક્કયમની હૉસ્પિટલમાં દાખલ કરાયા છે.

મવેલિક્કારાથી પ્રવાસીઓને લઈને આવતી બસ તમિલનાડુના થંજાવુરનો પ્રવાસ પૂર્ણ કરી પરત ફરી રહી હતી. દરમિયાન બસને આ અકસ્માત નડ્યો હતો. હાલમાં તો બસની બ્રેક ફેઈલ થવાના કારણે અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે.

. . . . . . . . . . . . . . . .